**Phones:**
220228 /230068
MO: 9428518890/9624630068
E-mail : dptco123@gmail.com
Website : https://dpthakker.com

**D.P.THAKKER & CO.**
**D.P.THAKKER & BROS.**
**TAX ADVOCATES**
SHREE KUNJ, STATION ROAD,
PATAN (N.G.)

---

**તારીખ ૦૨/૦૬/૨૦૨૬**

**ભાઈશ્રી,**

**ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૨૬/૨૭ નો ઇન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષ નો પ્રથમ હપ્તો તા.૧૫/૦૬/૨૦૨૬ સુધીમાં ભરવાનો છે. જે અંગેની ઉપયોગી માહિતી નીચે મુજબ છે.**

**(૧) વ્યક્તિ, HUF, ભાગીદારી પેઢી, L.L.P, કંપની વગેરે ને તેમની ચાલુ વર્ષની અંદાજીત આવક ઉપરના ભરવાપાત્ર ટેક્ષમાંથી T.D.S / TCS બાદ કર્યા પછી જો રૂા.૧૦,૦૦૦/- થી વધુ ઇન્કમટેક્ષ ભરવાનો થતો હોય તો તે ટેક્ષ એડવાન્સ ટેક્ષ સ્વરૂપે નીચે પ્રમાણે ચાર હપ્તામાં ભરવો પડે.**

| હપ્તાની તારીખ | | ભરવાપાત્ર એડવાન્સટેક્ષ ની રકમ |
|---|---|---|
| ૧૫/૦૬/૨૦૨૬ | .................. | ભરવાપાત્ર ટેક્ષ ના ૧૫% |
| ૧૫/૦૯/૨૦૨૬ | .................. | ભરવાપાત્ર ટેક્ષ ના ૩૦% |
| ૧૫/૧૨/૨૦૨૬ | .................. | ભરવાપાત્ર ટેક્ષ ના ૩૦% |
| ૧૫/૦૩/૨૦૨૭ | .................. | ભરવાપાત્ર ટેક્ષ ના ૨૫% |

**(2) Resident INDIVIDUL તથા HUF તથા AOP ને ઇન્કમટેક્ષની નવી સ્કીમના દરનો લાભ મળે છે અને અંગત (INDIVIDUAL) ને જો કુલ આવક રૂા. ૧૨ લાખ થી વધારે ના હોય તો ભરવાપાત્ર ટેક્ષમાંથી રૂા.૬૦,૦૦૦/- સુધીનું રીબેટ મળે છે. એટલે Resident INDIVIDUAL ના કેસ માં આવક જો રૂા. ૧૨ લાખ સુધીની હોય તો કોઈ ઇન્કમટેક્ષ ભરવાનો આવે નહી . નવી સ્કીમના ઇન્કમટેક્ષ ના દર નીચે મુજબ છે.**

| અ.નં. | આવક ની વિગત | ટેક્ષ નો દર |
|---|---|---|
| ૧ | રૂા. ૪,૦૦,૦૦૦ સુધી | શૂન્ય |
| ૨ | રૂા. ૪,૦૦,૦૦૧/- થી રૂા. ૮,૦૦,૦૦૦/- | ૫% |
| ૩ | રૂા. ૮,૦૦,૦૦૧/- થી રૂા.૧૨,૦૦,૦૦૦/- | ૧૦% |
| ૪ | રૂા.૧૨,૦૦,૦૦૧/- થી રૂા.૧૬,૦૦,૦૦૦/- | ૧૫% |
| ૫ | રૂા.૧૬,૦૦,૦૦૧/- થી રૂા.૨૦,૦૦,૦૦૦/- | ૨૦% |
| ૬ | રૂા.૨૦,૦૦,૦૦૦/- થી રૂાં.૨૪,૦૦,૦૦૦/- | ૨૫% |
| ૭ | રૂા ૨૪,૦૦,૦૦૦/- થી વધુ | ૩૦% |

- **ઉપર પ્રમાણે ઇન્કમટેક્ષ ની જે રકમ થાય તેના ઉપર ૪ % સેસ લાગશે. અને ૫૦ લાખ ઉપરની આવક ઉપર લાગુ પડતાં દરે સરચાર્જ લાગશે.**
- **સેલેરીની ઇન્કમ હોય તો તેમાંથી રૂા. ૭૫,૦૦૦/- સુધી નું સ્ટાન્ડર્ડ ડીડકશન નવી સ્કીમ તથા જૂની સ્કીમ બંનેમાં બાદ મળે છે**

D.P.THAKKER AND CO.

- લોંગ ટર્મ તથા શોર્ટ ટર્મ કેપીટલ ગેઇન નો ટેક્ષ આવક રૂા. ૧૨ લાખ થી ઓછી હોય તો પણ ભરવો પડે.

(3) જૂની ટેક્ષ સ્કીમમાં અંગત તથા HUF ને નીચે મુજબની આવક માફ છે.

(૧) ૬૦ વર્ષની ઉંમર સુધીની વ્યક્તિ ને તથા HUF ને રૂ.૨,૫૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૨) ૬૦ થી વધુ અને ૮૦ વર્ષ સુધીની વ્યક્તિને રૂ. ૩,૦૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૩) સુપર સીનીયર સીટીઝન- જેમની ઉંમર ૮૦ વર્ષથી વધુ છે તેમને રૂા.૫ લાખ સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૪) જૂની સ્કીમમાં રીટર્ન ભરનારને નીચે મુજબના ડીડકશન આવક માંથી બાદ મળે.

(૧) LIC/PPF/ELSS મ્યુચુલ ફંડ / હાઉસીગ લોન હપ્તાનું મુદલ વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી

(૨) મેડીક્લેમ પ્રીમીયમ રૂા. ૨૫,૦૦૦/- સુધી / સીનીયર સીટીઝન ને રૂા. ૫૦,૦૦૦/- સુધી

(૩) હાઉસીગ લોન નું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી

(૪) પગાર માંથી સ્ટાન્ડર્ડ ડીડકશન રૂા.૭૫,૦૦૦/- સુધી

ઉપર મુજબના ડીડકશન બાદ કર્યા પછી જો નેટ આવક રૂા. ૫ લાખ સુધીની હોય તો ટેક્ષમાંથી રૂા.૧૨,૫૦૦/- સુધીનું રીબેટ બાદ મળે છે. HUF ને રૂા. ૧૨,૫૦૦/- નું રીબેટ ટેક્ષ માંથી બાદ મળતું નથી

(૪) અંગત તથા HUF ને આવક ઉપર ભરવાનાં ઇન્કમટેક્ષ ના દર નીચે મુજબ છે. ( જૂની સ્કીમ )

| આવક રૂા. | ટેક્ષનો દર |
|---|---|
| રૂા. ૨,૫૦,૦૦૦/- સુધી | માફ |
| રૂા. ૨,૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા.૧૦,૦૦,૦૦૦/- સુધી | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૧ થી ઉપર ની આવક | ૩૦% |

આવક જો રૂા.૫૦ લાખ થી વધુ હોય તો લાગુ પડતાં દરે સરચાર્જ લાગે તથા તમામ આવક એટલે કે રૂા.૫૦ લાખ થી વધુ કે ઓછી ઉપર ભરવાપાત્ર ટેક્ષ ઉપર ૪% CESS લાગે.

(૫) ભાગીદારી પેઢી / LLP ને ધંધાના બધા ખર્ચા, ભાગીદારો ની મૂડીનું વ્યાજ તથા વર્કીંગ પાર્ટનરોનો પગાર બાદ કર્યા પછી જે નેટ નફો વધે તેના ઉપર ૩૧.૨૦% પ્રમાણે ઇન્કમટેક્ષ લાગે. આવક રૂા. ૧ કરોડ થી વધુ હોય તો સરચાર્જ લાગે.

(૬) પબ્લીક તેમજ પ્રાઈવેટ લી. કંપનીના કેસમાં F.Y.૨૦૨૪-૨૫ નું ટર્નઓવર જો રૂા.૪૦૦ કરોડ થી ઓછું હોય તો ૨૫% પ્રમાણે ઇન્કમટેક્ષ તથા ૪% પ્રમાણે સેસ લાગે. જો F.Y. ૨૦૨૪-૨૫ નું ટર્નઓવર રૂા.૪૦૦ કરોડથી વધુ હોય તો ૩૦% પ્રમાણે ઇન્કમટેક્ષ તથા તેના ઉપર ૪% પ્રમાણે સેસ લાગે. બંને કેસમાં આવક રૂા. ૧ કરોડ થી વધુ હોય તો સરચાર્જ પણ લાગે.

દરેક વેપારીએ પોતાની પેઢીની / કંપનીની તથા ભાગીદારોની /ડાયરેક્ટરોની કે પર્સનલ રીટર્નો ની ચાલુ વર્ષની અંદાજીત આવક ની તથા બાદ લેવાના ડીડકશન તથા મજરે લેવાની અંદાજીત TDS ની માહિતી અમને તુરંત મોકલવી જેથી તેના ઉપરથી ભરવાપાત્ર એડવાન્સ ટેક્ષના પ્રથમ હપ્તાના ચલણો મોકલી શકાય.

કુશળ હશો,

લી.

ધીરૂભાઈ-કનુભાઈ-પિયુષભાઈ-નિખિલભાઈ

એડવાન્સ ટેક્ષ ભરવાની LINK : અહીં ક્લિક કરો

D.P.THAKER AND CO.